R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 20•ISSUE: 13 DATE: 26-03-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## અનામત નીતિની સમીક્ષાની માંગ સામે અનામતને આંચ નહી આવે તેવી સ્પષ્ટતા કરતા વડાપ્રધાન મોદી



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા અવારનવાર થતી અનામત નીતિની સમીક્ષાની માંગ સામે રાજધાની દિલ્હીમાં આંબેડકર મેમોરીયલમાં બોલતાં જણાવ્યુ હતું કે હું આંબેડકર ભક્ત છું અને સત્તામાં આવ્યો હોવાથી મને નિશાન બનાવાઈ રહ્યો છે.દલિતો માટેની અનામત નીતિમાં કોઈ બદલાવ નહીં થાય. અનામતના મુદ્દા પર વિરોધપક્ષો ભાજપ વિરુધ્ધ જુઠ્ઠાણા ફેલાવી રહ્યા છે.દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગોનો અનામતનો અધિકાર કોઈ છીનવી શકશે નહીં.અગાઉ સંઘના નેતા મોહન ભાગવત સહિતના નેતાઓ ઘણીવાર અનામત નીતિની સમીક્ષાની માંગણી કરી ચુક્યા છે ત્યારે મોદીએ તેમની નીતિનો સ્પષ્ટ સંકેત આપી દીધો છે.

તેમણે કહ્યું હતું કે ભાજપ જયારે પણ સત્તામાં આવ્યો છે ત્યારે દલિતો અને આદીવાસીઓ માટેની અનામતને કોઈ હાનિ થઈ નથી.પરંતુ જનતાને ગેરમાર્ગે દોરવા માટે જુઠ્ઠાણા ફેલાવાઈ રહ્યા છે.ભાજપ ઘણા વર્ષોથી ગુજરાત,મધ્યપ્રદેશ, પંજાબમાં સત્તા પર રહ્યો છે છતાં ત્યાં અનામત નીતિને કોઈ હાનિ પહોચી નથી.જેમને ફક્ત રાજકારણ રમવામાં રસ છે તેવા લોકો આવી બાબતોમાંથી બહાર આવવામાં નિષ્ફળ ગયા છે.જો બાબા આંબેડકર પોતે પ્રગટ થાય તો તેઓ પણ અનામતનો અધિકાર છિનવી શકશે નહી.બાબા સાહેબ તમામ કચડાયેલા લોકોનો અવાજ હતા અને વિશ્વના મહામાનવ હતા.

## ઇસ્લામીક સ્ટેટના આતંકીઓનો બ્રસેલ્સમાં આતંકી હુમલો : ૩૪ ના મોત,૨૦૦ ઘાયલ, વિશ્વ સમુદાયે હુમલાને વખોડ્યો



બેલ્જીયમની રાજધાની બ્રસેલ્સમાં ઈસ્લામીક સ્ટેટના આતંકીઓએ હુમલો કર્યો હતો.એરપોર્ટ ખાતે બે અને સબવે સિસ્ટમના મેટ્રો સ્ટેશન ખાતે એક બોંબ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૩૪ માણસોના જાન ગયા હતા અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.સુરક્ષા દળોનું માનવું છે કે તેમાંથી એક આત્મઘાતી વિસ્ફોટ હતો.વિસ્ફોટ પહેલાં અરબી ભાષામાં કેટલાક નારા અને ગોળીબારના અવાજો સંભળાયા હતા.એરપોર્ટના હુમલામાં ૧૪ લોકો માર્યા ગયા હતા.જ્યારે મેટ્રો ટ્રેનમાં થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયા હતા.વિસ્ફોટોના પગલે સમગ્ર શહેર બ્રસેલ્સને સુરક્ષા દળોએ ઘેરી લીધું હતું.તમામ સેવાઓ બંધ કરી દેવાઈ હતી.અને ટેરર એલર્ટની જાહેરાત કરવામા આવી હતી.આતંવાદી સંગઠન ઈસ્લામીક સ્ટેટે હુમલાની જવાબદારી લીધી હતી.

## અમેરિકી પ્રમુખ બરાક ઓબામા ક્યુબાની ઐતિહાસિક મુલાકાતે

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા ક્યુબાના ઐતિહાસિક પ્રવાસે ગયા છે. જો કે ઓબામાની મુલાકાત તેળો ક્યુબાના ભુતપુર્વ પ્રમુખ ફિડેલ કાસ્ટ્રોને મળવાના નથી. કાસ્ટ્રો આરંભથી અમેરિકાના શત્રુ રહ્યા છે.૧૯૬૦માં બંને દેશૌ વચ્ચેના સબંધો તુટી ગયા હતા.૧૯૫૯માં સામ્યવાદી ક્રાંતિ થયા પછી અમેરિકાએ કયુબા પર પ્રતિબંધ લાદી દીધો હતો.વર્ષ ૨૦૧૪માં ઓબામાએ ક્યુબા સાથે આર્થિક અને રાજદ્વારી સબંધો સુધારવા પહેલ કરી.કેનેડા અને વેટીકનમાં લગભગ એક વર્ષ સુધી બંને દેશો વચ્ચે અંદરખાને વાતચીત થતી રહી. પોપ ફ્રાંસીસે પોતે તેમાં રસ લીધો હતો.ઓબામાએ ૨૦૧૫ના વર્ષમાં કયુબા ખાતે અમેરિકી દુતાવાસ ફરી શરુ કર્યુ.ક્યુબાના મોટા નેતા ચે ગ્વેરાના પુત્ર કેમિલોએ ઓબામાની ક્યુબાની મુલાકાતને ઐતિહાસીક મુલાકાત ગણાવી છે.તેમણે કહ્યું હતું કે સ્વતંત્ર ક્યુબામાં તેઓ પહેલીવાર આવ્યા છે.જો કે તેઓ ભુતકાળને ભુલ્યા નથી.

## સ્વચ્છતા ઝુંબેશ માટે મધ્યપ્રદેશ જિલ્લા વહીવટીતંત્રનો અનોખો નુસખો

મધ્યપ્રદેશમાં જાહેરમાં શૌચ ખતમ કરવા માટે વહીવટી તંત્રએ એક નવો નુસખો અજમાવ્યો છે. એમપીના રીવા જિલ્લામાં વહીવટી તંત્રે જાહેરમાં શૌચ કરનારનો ફોટો વોટ્સઅપ પર મોકલનારને ૧૦૦ રુપીયાનુ ઈનામ આપવાની જાહેરાત કરી છે.આ વહીવટી તંત્ર જિલ્લાને ૧૫ ઓગષ્ટ સુધીમાં જાહેરમાં શૌચમુક્ત બનાવવાના અભિયાન પર છે.વહીવટી તંત્રની આ ઈનામી યોજના ૨૦ ગ્રામપંચાયતો માટે છે.જિલ્લાની આ તમામ ગ્રામપંચાયતોને જાહેરમાં શૌચ કરનારાઓ પર દંડ ફટકારવાનો નિર્ણય કરી ચુકી છે.જાહેરમાં શૌચ કરતાં પકડાનારાનું રેશનકાર્ડ કેન્સલ કરવામાં આવશે તેવું જિલ્લા પંચાયતના સીઈઓ નિલેશ પારિખે જણાવ્યું હતું.

## મહારાષ્ટ્રમાં પાણીની અભુતપુર્વ તંગી, લાતુરમાં રમખાણો ટાળવા માટે કલમ ૧૪૪ જાહેર કરાઇ

મહારાષ્ટ્રમાં ગંભીર દુકાળની સાથે સાથે પાણીની અભુતપુર્વ તંગી ઉભી થઈ છે.મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં પાણીની અછત એટલી હદે વધી ગઈ છે કે પાણી માટે મારામારી થવા લાગી છે.હાલની પરિસ્થિતિ એટલી બધી તંગદિલીભરી છે કે લાતુરની પાણીની ટાંકીઓ જ્યાં આવેલી છે તે વિ્સ્તારોમાં ૩૧ મે સુધી ૧૪૪મી કલમ લાગુ પાડી દેવાઈ છે.રાજ્યની દરેક પાલિકાના મુખ્ય મથકે રાયોટ કંન્ટ્રોલ ફોર્સ ગોઠવી દેવાયા છે.રાજ્યની આ પહેલી ઘટના છે.જયરે કલેકટરે પાણીના મામલે હિંસા થતી ટાળવા માટે ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૧૪૪ લાગુ પાડવી પડી છે.મુંબઈના ઉપનગરો મીરા ભાયંદર અને થાણે-કલ્યાણમાં અઠવાડિયામાં ત્રણ દિવસ જ પાણી આવે છે.હવે બે દિવસની વિચારણા ચાલે છે.નવી મુંબઇ,પનવેલ,ખારઘર,કામોથે,સીબીડી બેલાપુર,સીવુડ,નેરુલ,અને વાશીમાં પણ પાણીની સ્થિતિ વણસી ગઈ છે.

લાતુર જિલ્લામાં પાણીની ભારે અછતના કારણે લગભગ દોઢ લાખ લોકો હિજરત કરી ચુકયા છે.તમામ શૈક્ષણિક સંસ્થાઓને ૩૧મી માર્ચ સુદીમાં પરિક્ષાઓ પુરી કરી દેવાના આદેશો જારી કરી દેવાયા છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

આજકાલ દેશમાં બહુ ચર્ચાતો મુદ્દો હોય અને ગરમીનો માહોલ સર્જી શક્યો હોય તો તે છે રાષ્ટ્રવાદ અને દેશદ્રોહ.પરિણામ એ આવ્યું છે કે ભાજપ અને સંઘને આ બાબતે વિચારણા કરવાની એક વધુ તક સાંપડી છે.જેનાથી ફરીથી એકવાર દેશની જનતાને મતદાન માટે આર્કષી શકાય.દેશભક્તિ એક એવો મુદ્દો છે કે જેના પર કોઈ ચર્ચાની શક્યતા જ નથી.આગામી સમયમાં બંગાળ,આસામ,પંજાબ, કેરળ, તામિલનાડુ,પાંડેચરી,ઉત્તર પ્રદેશની વિધાનસભાઓની ચુંટણીઓ આવી રહી છે.ત્યારે હવે આ નવો મુદ્દો દેશભક્તિ અને દેશદ્રોહને કેવી રીતે વટાવી શકાય તેની પર વિચારવા પાછળનો આધાર છે.જેએનયુના મુદ્દે સોશ્યલ મીડીયા,પ્રિન્ટ અને ટીવી મીડીયા જે રીતે પ્રચાર અને પ્રસાર કર્યો તેથી એવું લાગ્યું કે આ મુદ્દે ખરેખર કામ થઈ શકે છે.આ મુદ્દે આગળ વધી શકાય છે.મંદિર અને હિંદુત્વના મુદ્દાઓ હવે વધુ ચાલી શકે તેમ નથી. વિકાસના મુદ્દાઓ પર દેશની જનતાને કયાં સુધી મુરખ બનાવી શકાય પરંતુ આ એક એવો મુદ્દો છે તેની કોઈ સીમા જ નથી.

ભારતમાં મધ્યમ વર્ગનો મોટાભાગનો બહુસંખ્યક વર્ગ દેશભક્તિ અને દેશદ્રોહની ચર્ચામાં ગુંચવાયો છે.અને પોતાને દેશભક્તોની જમાતમાં સાથે ઉભેલા જુએ છે. પણ ધ્યાન રાખવાની વાત એ છે કે આ ભાવના ફક્ત મધ્યમવર્ગીય સમાજ સુધી જ સીમીત છે તેની અસર હાલ ગામડાંમાં નથી મળતી.

ઈન્દીરાની હત્યા બાદ સહાનુભુતિની લહેર,ચુંટણી પુર્વે મોદી જેવી આંધીમાં મતદારો ભાવુક બની જાય,પરંતુ આવું હંમેશા બનતું નથી.એથી એવું માનવું કે દેશ ભક્તિના મુદ્દે દેશનો મતદાર મોટી સંખ્યામાં ભાજપને મતદાન કરશે તે કદાચ વધુ પડતું છે.વાસ્તવિકતા એ છે કે ચુંટણીમાં મુખ્ય ભુમિકા ખેડુત,મજુર અને ગામડાના મતદારોની હોય છે.ઈતિહાસ સાક્ષી પુરે છે કે કેટલાક અપવાદો સિવાય દેશનો સામાન્ય સમાજ અને મધ્યમવર્ગીય સમાજ અલગ અલગ વિચાર ધરાવે છે.શહેરમાં આ દેશદ્રોહ અને દેશભક્તિની ચર્ચા ચાલે છે.પરંતુ ગામડાંમાં આ બાબતે કંઈ રુચિ નથી.ભગતસિંહને શ્રધ્ધાંજલિ આપતાં ભાજપ અને કોગ્રેસે દેશભક્તિ અને દેશદ્રોહ બાબતે અલગ અલગ નિવેદનો આ બાબતે કર્યા છે.પરતું આ બેઉ બાબતે બેઉ પક્ષોના નેતાઓએ આત્મમંથન કરવું જરુરી છે.દેશભક્તિના સુત્રોથી દેશની સમસ્યાઓ હલ થતી નથી.ગામડાની દશા સુધારવાનું,રોજગારી ઉપલબ્ધ કરવાનું,મોંઘવારી ઓછી કરવાનું કામ દેશભક્તિ છે. આ વિચારવાનું જ્યારે જે પક્ષ કે સરકાર નક્કી કરે તે સાચો દેશભક્ત કહેવાય.

( સૌ.વિનીત નારાયણના લેખના આધારે- વિચારસેતુ)



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: એ એમ. મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# બેકિંગ સુવિધાઓ વધારવા માટે નાગરિકોને અન્ય બેંકોના એટીમમાંથી પૈસા ઉપાડવાનો ચાર્જ નહી લેવાય

કેન્દ્ર સરકાર અન્ય બેંકોના એટીએમથી પૈસા ઉપાડવામાં નિર્ધારિત મર્યાદામાં લાગતો ચાર્જ નાબુદ કરવાની તૈયારીમાં છે.બેકિંગ સેવા અને સુવિધાના વિસ્તાર માટે નાણાં મંત્રાલય અને આરબીઆઈ વચ્ચે વિચાર વિમર્શ ચાલુ છે. ટુંક સમયમાં આ અંગે નિર્ણય લેવાશે.આરબીઆઈને રજુઆત કરવામાં આવી છે કે નિર્ધારિત સંખ્યાના ટ્રાન્ઝેકશન બાદ એટીએમમાંથી પૈસા ઉપાડવાનો લાગતો ચાર્જ નાબુદ કરવામાં આવે.અન્ય બેકોના એટીએમમાંથી નિર્ધારિત રકમ(એક લાખ)થી વધુ પૈસા ઉપાડવાની સ્થિતિમાં જ ચાર્જ વસુલવામાં આવે. તેનાથી મધ્યમવર્ગને પ્રત્યક્ષ ફાયદો થશે.જેમને નિર્ધારિત સંખ્યા બાદ પોતે જે બેંકમાં ખાતુ ધરાવતા હોય તે બેંકનું જ એટીએમ શોધવુ પડે છે. બીજા વિકલ્પ તરીકે અન્ય બેન્કના એટીએમમાંથી ઉપાડની સખ્યા વધારવા(૧૦થી ૧૫ કરવાનું કહેવામાં આવ્યુ છે.

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

## કબ્રસ્તાન વિકાસના પ્રોજેક્ટમાં જોડાવો....

## પ્રોજેક્ટ પુનરૂત્થાન

### આત્મચિંતન

ખ્રિસ્તમાં મારા વ્હાલા ખ્રિસ્તી મંડળીના આગેવાનો,ધર્મગુરુઓ તથા મંડળીના તમામ સભાજનોને ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ સાથે આત્મચિંતન અપીલ..

સાંપ્રત સમયમાં આપણાં આકાશમાંના દેવનો વધસ્તંભ ઉંચકીને દેવના બલિદાનને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા શાંતિપ્રિય ખ્રિસ્તી સમાજને બે હાથ જોડી કરવામાં આવી રહેલ નમ્ર અપીલ.

વ્હાલાઓ, ગુજરાત રાજયમાં ખ્રિસ્તી ધર્મનો પાયો નંખાયાને આશરે ૩૦૦ વર્ષ પુર્ણ થવા આવ્યા છે.તેવા ગાંધીજીના ગુજરાતની ધરતી પરના શાંતિપ્રિય ખ્રિસ્તી લઘુમતી સમાજના અભુતપુર્વ સંસ્મરણો કદાચ થોડા સમયમાં અતિતની યાદ અપાવી દે અને જો બીજા શબ્દોમાં કહીએ તો ખુબ જ સુચક રીતે ગુજરાત રાજ્યમાં મિશનેરીઓના અથાગ પ્રયત્નો અને ખુનથી ઊભા થયેલ ખ્રિસ્તી સમાજનું અસ્તિત્વ જોખમમાં આવી પડશે. જે ખાસ અમારા જેવા યુવાનોને અને તમામ સભાજનોને આત્મસાત કરી મનોમથન કરવા મજબુર કરે છે.કારણકે થોડા સમય અગાઉ અમદાવાદના મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દાણી લિમડા ચારરસ્તાથી નારોલ,સરખેજ હાઈવેને ટચ થતાં પિરાણા રોડ પર નવા બનાવવામાં આવેલ રોડના કામકાજમાં ઘંટી ટેકરાના હુલામણા નામથી ઓળખાતાં સંયુક્ત કબ્રસ્તાનના રોડ તરફના ભાગની ભયંકર દુર્દશા થયેલ છે.અને કબ્રસ્તાનનો વર્ષો પુરાણો કોટ(પ્રોટેકશન વોલ) પણ મોટાપાયે નુકશાન ગ્રસ્ત થયેલ છે.

કબ્રસ્તાન રોડ પરનાં ભાગનો કોર્ટ જર્જરીત થઈ તુટી જવાથી કોઈપણ જાતનું પ્રોટેકશન ન હોવાથી અસામાજીક તત્વો દ્વારા ક્રોસો તોડી પાડી,કબરોને નુકશાન પહોચાડી, મનફાવે તેમ અવરજવર કરી, એક પવિત્ર સ્થાનનું મુલ્ય ના જાળવીને કબ્રસ્તાનને ખંડિત બનાવી, ખ્રિસ્તી સમાજની લાગણીને દુભાવતી ઘટનાઓ બની રહી છે.આવી અસંમજની પરિસ્થિતિમાં ચાલો આપણે સૌ જાગૃત થઈએ અને કબ્રસ્તાનના વિકાસ માટે આપણુ મહત્વનું યોગદાન આપી ઋણ અદા કરીએ.

આપણે આપણાં મરણ થયેલાં સ્વજનોને આ પવિત્ર ભુમિને સોપેલ છે. પવિત્રસ્થાન કબ્રસ્તાન કે જેનું ખ્રિસ્તી માન્યતા મુજબના પવિત્ર બાયબલમાં સચોટ ઉલ્લેખ કરેલ છે. દેવના બીજા આગમન સમયે મુએલા જ્યારે ઉઠશે ત્યારે રેપ્ચરના દિવસે આપણાં સ્વજનો અને આપણે સૌ મુએલાંમાંથી જીવીત થઈશું ત્યારે તે ભવિષ્યની અત્યંત રોચક સ્થિતિ માટે આપણું આ ઘંટી ટેકરાનું કબ્રસ્તાન તેની સાક્ષી પુરી શકે તે હેતુસર એક નિર્દોષ પ્રયાસના ભાગરુપે આપણે સૌ આપણા ધર્મતંત્ર અને ચર્ચના આર્શીવાદથી વ્યવસ્થાને મજબુત કરવા સૌ સાથે મળી આ પવિત્ર અભ્યાનમાં જોડાઈ આ ખંડિત થઈ ગયેલા કબ્રસ્તાનને સુરક્ષિત કરીએ તેની પવિત્રતા જાળવી રાખીએ અન તેને ખરેખર સાચા અર્થમાં ગૌરવવંતુ કબ્રસ્તાન બનાવીએ તે હેતુસર સદર સંસ્થા આપ સર્વ કુટુંબીજનોને, સભાજનોને અને ખાસ કરીને યુવા પેઢીને પોતાના અનુભવો, અભિપ્રાયો તથા મટીરીયલ સંસ્થાના નીચે આપેલ સરનામે મોકલી આપવા સંસ્થા આપને હૃદયના ઊંડાણથી પ્રેમભરી અપીલ કરે છે.

જો આપ કબ્રસ્તાનને લગતી સગવડો તથા સભ્યજનોને લગતી કોઈ સગવડો કરાવવા માંગતા હોવ તો આપના સજેશનો સંસ્થાને મોકલી આપવા નમ્ર વિનંતી ...

### આપણે શું કરીશું ...?

★ શું આપણે કબ્રસ્તાનને વધારે નુકશાન થવા દઈશું ?
★ શું આપણે સૌ હવે જાગૃત થઈશું ?
★ શું પુનરુત્થાન પ્રોજેકટને પવિત્ર આત્માના સામર્થ્યમાં આગળ વધારવાનો પ્રયત્ન કરીશું ?

### આપણે આપણી પવિત્ર ફરજ પુર્ણ કરીશું ?

આવો આપણે પુનરુત્થાન પ્રોજેકટને સાથ આપી આપણી નૈતિક ફરજરુપે સ્વયંભુ સાથે મળી એક નવો ઈતિહાસ રચીએ અને સામુહિક પ્રયાસથી આવનારી પેઢી માટે એક નવું સર્જન કરીએ એજ અભ્યર્થના સાથે આપણી સેવામાં તત્પર સેવક...

## થીઓ સોશિયલ સર્વિસ સેન્ટર


( યુનીટ ઓફ થીઓ ચેરીટેબલ ટ્રસ્ટ)
પત્રવ્યવહારનુ સરનામું : સી-૨,શારોન એપોર્ટમેન્ટ,ક્રિશ્ચિયન કોલોની,મહાત્મા ગાધી સોસા.સામે,બહેરામપુરા,અમદાવાદ.૨૨
મો: ૯૦૯૯૫૨૦૬૦૫,૯૮૨૪૫૨૪૩૭૭, ૭૮૭૮૦૮૭૦૫૬
E-mail : theotssc07@gmail.com

# ભારત માતાકી જય શીખો પણ ન બોલી શકે : સિમરનજીતસિંહ માન

શિરોમણી અકાલી દળ પણ ભારત માતાકી ય બોલવાના વિવાદમાં કુદી પડ્યો છે.અમૃતસરમાં પક્ષના પ્રમુખ સિમરનજીત સિંહ માને જણાવ્યુ હતું કે શીખો પણ ભારત માતાકી જયના સુત્રોચ્ચાર નથી કરી શકતા.શીખો ક્યારેય કોઇપણ સ્વરુપે મહિલાઓની પુજા કરતા નથી તેથી તેઓ ભારત માતાકી જય ન બોલી શકે.તેમણે વધુમાં જણાવ્યું કે શીખો વંદે માતરમ પણ નથી બોલી શકતા.ભગવત્ ગીતાને અન્ય સંપ્રદાયો પર ઠોકી ન બેસાડાય.બીજી તરફ ભાજપે તેમનો વિરોધ કરતાં જણાવ્યુ હતું કે ભારત માતાકી જય ન બોલનારા દેશભક્ત નથી અને તેમની સામે કેસ થવો જોઇએ.

હૈદ્રાબાદની એક ઇસ્લામી સંસ્થા દ્વારા ભારત માતાકી જેય બોલવા સામે ફતવો જારી કરવામાં આવ્યો છે.અલ મહાદ અલ આલી અલ ઇસ્લામી એ એક ફતવો જારી કર્યો હતો તેમાં જણાવાયુ છે કે મુસ્લીમો બારત માતાકી જય બોલવાની પરવાનગી નથી.પહાડી શરીફમાં સંસ્થાના દારુલ ઇફતા દ્વારા ફતવો જારી કરવામાં આવ્યો હતો.મુફતી શાહિદ અલી કાસમીએ ફતવાને યોગ્ય ઠેરવતાં જણાવ્યુ કે માતૃભુમિ જેવા શબ્દો પ્રત્યેના અસીમ પ્રેમને રજુ કરે છે.મુસ્લીમો કોઇ દેશને દેવી તરીકે પુજી શકે નહી. દરેક મુસ્લીમ દેશને પ્રેમ કરે છે. અને તેના માટે જીવ આપવા પણ તૈયાર છે.પણ તે અલ્લાહ સિવાય કોઇની પુજા કરશે નહી.

# પાણીથી હોળી રમનારને દંડ ફટકારો : મહારાષ્ટ્રના વિધાનસભ્ય અમિત સાટમ

મહારાષ્ટ્રમાં જળ સંકટ ઘેરુ બન્યું છે.રાજ્યમાં કારમો દુકાળ છે. શહેરોમાં પાણી ની તંગી છે.ગામડાઓમાં તો પીવાના પાણીના સાંસા છે ત્યારે હોળી-ધુળેટીની ઉજવણીમાં પાણીનો બેફામ બગાડ કરવો કેટલો ઉચિત કહેવાય તે એક પ્રશ્ન છે.

બૃહદ મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશન ભાજપના નગરસેવક અને વિધાનસભાના સભ્ય અમિત સાટમે વિનંતી કરી છે કે પાણીથી હોળી રમનારનો રુ પચાસ હજારનો દંડ કરવો જોઇએ.ગત ચોમાસુ નબળું રહ્યુ હોવાથી મુંબઇગરા પાણીની તીવ્ર અછતનો સામનો કરી રહ્યા છે.ખાસ કરીને રાજ્યના ગામડાઓમાં પીવાના પાણીની બહુ મોટી સમસ્યા ઉભી થઇ છે.ત્યારે પાણીનો વેડફાટ લોકો કરે તે વ્યાજબી નથી.પાણીના વેડફાટ પર નિયંત્રણ કરવાની જરુર છે.એવી રજુઆત સાટમે કરી હતી.

પાણીથી હોળી રમનારાઓને માર મારવાનો આદેશ રાજ ઠાકરેએ આપ્યો છે.મનસેની મીટીંગમાં તેમણે પાણીનાબગાડ સામે કાર્યકરોને આ કહ્યુ હતું.

# અમેરિકા બાદ બ્રિટને વિઝા ફીમાં વધારો કરવાનો નિર્ણય લીધો

અમેરિકા બાદ બ્રિટને પણ હવે વિઝા ફીમાં વધારો કરવાની જાહેરાત કરી છે. યુકેની વિઝા ફીમાં ૨ ટકાથી માંડીને ૨૫ ટકા સુધીનો વધારો થશે. યુકેના આ નિર્ણયથી ત્યાં જનારા હજારો ભારતીયોને મોટો ઝટકો પડશે.વિઝા ફી વધારો ૧૮ માર્ચથી લાગુ પડશે.વિઝાના દરોમાં વધારો કરવાનો પ્રસ્તાવ જાન્યુઆરીમાં મુકવામાં આવ્યો હતો.જેમાં સરકારને શોર્ટ વિઝા ફીમાં ૨ ટકા અને લોન્ગટર્મમાં ૨૫ ટકા ફીનો વધારો સુચવવામાં આવ્યો હતો

યુકેના ગૃહ વિભાગનું કહેવું છે કે વિઝા ફીમાં વધારો થવાથી કરદાતાઓના નાણાંની બચત થશે.જેનો ઉપયોગ ઇમીગ્રેશન અને સીટીઝનશીપ સિસ્ટમાં થતો હતો. આ માટે સરકાર ૨૦૨૦ સુધીમાં સિસ્ટમને સેલ્ફ ફન્ડેડ કરવા માટે કામ કરશે.જેનાથી એવા લોકોના નાણાં ઉપયોગ થશે જેઓ આવા વિઝાનો ઉપયોગ કરે છે.બ્રિટનની હોમ ઓફીસે જણાવ્યુ હતું કે વિઝા ફીને એવી રીતે વધારવામાં આવી છે કે જેથી સેલ્ફ ફન્ડીંગનું લક્ષ્ય પુરુ થઇ જાય અને લોકો પર વધારે ભારણ પણ ન પડે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


## જાણવા જેવું

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્ક્રીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

લેડી ડાયેનાએ સહી કરેલા પત્તાની હરાજી કરવામાં આવી ત્યારે એ એક પત્તાના ૮ લાખ ૩૨ હજાર રૂપીયા ઉપજ્યા હતા. આ પત્તુ એર હોસ્ટેસ શેલા બાર્કલે વ્હાઇટ દ્વારા સાચવી રાખવામાં આવ્યુ હતું.

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઇ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

૧૯૨૭માં આવેલી સાઇલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીનના પોસ્ટરની ૨૦૦૫માં હરાજી કરવામાં આવેલી તેમાં તેના ૬૯ કરોડ રૂપીયા ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર જ તૈયાર કરવામાં આવ્યા હતા.

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઇ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

મનુષ્યના ગળામાં રહેલા કાકડા રબર બોલ કરતાં વધુ ઉંચા ઉછળી શકે છે પરંતુ આ પ્રક્રિયા માત્ર ૩૦ મીનીટ સુધી જ થઇ શકે છે.

બેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફે ત્રીજો ઇતિહાસમાં ધી ક્રેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઇ જવાતો હતો.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


# ધ રીયલ એસ્ટેટ(રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ બિલ ૨૦૧૫ પસાર થવાથી બિલ્ડરો હવે ગ્રાહકોને છેતરી નહીં શકે

પોતાનું ઘર ખરીદનારા ગ્રાહકો માટે આનંદના સમાચાર એ છે કે તેમના હિતોનું રક્ષણ કરતું અને રિયલ એસ્ટેટ સેકટરને નિયમિત કરવા માટેનું બિલ રાજ્યસભામાં પસાર થઇ ગયું છે.આ બિલની જોગવાઇઓને કારણે હવે બિલ્ડર્સ ગ્રાહકોને છેતરી નહીં શકે.બિલને કારણે મકાનોના ભાવમાં સ્થિરતા અને તેજી આવશે.સરકાર માને છે કે આનાથી આ ક્ષેત્રે રોકાણ કરનારાઓનો વિશ્વાસ વધશે. ધ રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ બિલ ૨૦૧૫ની વિચારણા અને પસાર કરવા માટે રજુ કરતાં શહેરી વિકાસ મંત્રી એમ.વૈંકૈયા નાયડુએ જણાવ્યુ હતું કે આ ક્ષેત્રમાં વધુ પારદર્શિતા લાવવા અને ખરીદકારોના હિતોનું રક્ષણ કરવાનો તેનો હેતુ છે.વિરોધ પક્ષ કોંગ્રેસે આ બિલને તેનું સમર્થન આપ્યું હતું.તે પછી ગૃહમાં મૌખિક મતદાનથી મંજુર થયું હતું.

ગ્રાહકો માટે સમયસર તેમની મિલ્કતનો કબજો મેળવી શકાશે.બિલમાં એવી જોગવાઇ છે કે ખરીદકર્તા પાસેથી લેવામાં આવેલી૭૦ ટકા રકમ એક અલગ ખાતામાં જમા કરાવવાની રહેશે.બિલ્ડરોએ પ્રોજેકટ લેઆઉટ, મંજુરી,જમીનની સ્થિતિ, કોન્ટ્રાકટર્સ, સમયપત્રક અને પ્રોજેકટને પુર્ણ કરવાના સમય જેવી તમામ માહીતી ગ્રાહકોને અને આરઇઆરએને આપવાની રહેશે.જે બિલ્ડર પ્રોપર્ટી ખરીદનારને તેનું પઝેશન સમયસર નહીં આપે તો તેણી એટલી જ રકમ વ્યાજપેટે ચુકવવાની રહેશે. કે જે પેમેન્ટમાં વિલંબ પર ખરીદદાર પાસેથી વસુલે છે.ઉપરાંત પ્રોપર્ટી સુપર એરીયા ના આધારે વેચી ના શકાય.જો ખરીદદારને તેની પ્રોપર્ટીમાં કોઇ માળખાકીય ખામી દેખાય તો તે એક મિલકત મેળવ્યાના એક વર્ષની અંર વેચાણ પછીની સર્વિસ બિલ્ડર પાસેથી માંગી શકે છે.ખરીદકર્તાની સંમતિ વગર બિલ્ડર પ્લાનમાં કોઇપણ ફેરફાર કરી શકશે નહીં.શહેરી વિકાસ મંત્રી વૈંકૈયા નાયડુએ જણાવ્યુ હતું કે આમાં ધર્મ,જાતિ,પંથ,પ્રાંત કે લિંગના આધારે કોઇપણ પ્રકારનો ભેદભાવ નહીં સાંખી લેવાની જોગવાઇ છે.જેને નિયમોમાં સામેલ કરી દેવાશે.તમામ પ્રકારની મંજુરીઓ માટે સિંગલ વિન્ડો મંજુરી રહેશે.આ બિલમાં એપેલેટ ટ્રીબ્યુનલ્સના આદેશોનું પાલન નહી કરાય તો બિલ્ડર્સને ત્રણ વર્ષની અને રીયલ એસ્ટેટ એજન્ટને એક વર્ષના કારાવાસની અથવા નાણાંકીય દંડ અથવા બંનેની જોગવાઇ છે.હવે આ બિલને કારણે જમીનની જગ્યા ૫૦૦ ચો.મી. કે આઠ એપાર્ટમેન્ટથી વધુ હોય તેવા તમામ કોમર્શીયલ અને રહેણાંક રીયલ એસ્ટેટ પ્રોજેકટો માટે પ્રોજેક્ટ લોંચ થતા પહેલાં તેની નોંધણી નિયમનકાર પાસે કરાવવાની ફરજીયાત રહેશે. આ બિલને કારણે રહેણાંક અને કોમર્શિયલ પ્રોજેક્ટોને લગતા સોદાઓને નિયમિત કરવા તેઓ સમયસર પુર્ણ થાય અને તે સમયસર તેનો કબજો લોકોને મળે તેની ખાતરી માટે રાજ્ય સ્તરે રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીઝ ઊભુ કરવામાં મદદ મળશે.

એપેલેટ ટ્રીબ્યુનલ હવે અગાઉના ૯૦ દિવસની સરખામણીમાં માત્ર ૬૦ દિવસમાં જ કેસોનો ચુકાદો આપી દેવાનો રહેશે.એવીજ રીતે રેગ્યુલેટરી ઓથોરીઝને પણ ૬૦ દિવસમાં ફરિયાદોનો ઉકેલ લાવી દેવો પડશે તેમ જણાવતાં નાયડુએ ઉમેર્યુ હતું કે આ બિલ માત્ર નિયમન જ છે કોઇનું ગળુ દબાવવા માટે નથી.

મગરની જીભ તેના મોઢાના ઉપરના ભાગ સાથે જોડાયેલી હોય છે.તેને કારણે મગર ચાવવાની ક્રિયા કરી શકતોનથી.પરંતુ તેનો પાચનરસ એટલો શક્તિશાળી હોય છે કે તે લોખંડની વસ્તુઓ સુધ્ધાં પચાવી શકે છે.

ડુર આ દુનીયાનું ચોથુ સૌથી બુધ્ધિમાન પ્રાણી છે.

ઇન્ડોનેશીયાના જંગલોમાં ટાગુઆન નામે ઓળખાતી બે ફુટ લાંબી ઉડતી ખિસકોલીઓ હજાર ફુટનું અંતર ઉડતા ઉડતા કાપે છે.

ડુક્કર ક્યારેય આકાશ તરફ નથી જોઇ શકતા.


ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એક્સ.સી.ની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in

# લોકશાહીના પાયા હચમચાવતા રાષ્ટ્રવાદના ઠેકેદારો

ઘણા સમયથી સ્વતંત્ર ભારતની કેટલીક શૈક્ષણિક સંસ્થાનોમાં સ્વતંત્રતા છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.ફિલ્મ એન્ડ ટેલીવીઝન ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડીયામાં ગજેન્દ્ર ચૌહાણને ચેરમેન બનાવવાનો મામલો ખુબ ચગ્યો.એફટીઆઈઆઈ ના વિદ્યાર્થીઓએ મહીનાઓ સુધી વિરોધ કર્યો અને વિરોધ સમી ગયો.સામાન્ય માણસ વિરોધ પહેલા એફટીઆઈઆઈનુ નામ પણ જાણતો નહીં હોય.એચઆરડી વિભાગે ગજેન્દ્ર ચૌહાણને ચેરમેન તરીકે ચાલુ રાખી વિદ્યાર્થીઓના વિરોધને કોઈ અસર કે તરફેણ આપી નહીં.એમ તો એચ.આર.ડી.મિનિસ્ટર પોતે વિવાદિત છે. એટલે તેમનો કાર્યકાળ વિવાદિત રહેવાનો,તેમાં બે મત નથી.બીજો મામલો ગયા મહિને રોહિત વેમુલાનો બન્યો.હૈદ્રાબાદ યુની.માં ભણતા દલિત વિદ્યાર્થીઓ સાથે જે બન્યું તેમાં સરકારની બેજવાબદાર અને પક્ષપાતી ભુમિકા સ્પષ્ટ દેખાય છે.

હવે મામલો બિચક્યો છે જે.એન.યુ.માં. હકીકત એવી છે કે ડાબેરીઓનો દબદબો ધરાવતા જેએનયુમાં અફઝલ ગુરુને ફાંસી આપવાના વિરોધમાં રેલી કાઢવામાં આવી હતી.જેમાં નારેબાજી પણ કરવામાં આવી હતી.નારેબાજીમાં પાકિસ્તાન જીન્દાબાદના નારાઓ પણ બુલંદ કરાવામાં આવ્યા હતા.જેના પગલે જેએનયુએસયુ પ્રમુખ કનૈયાકુમારની રાષ્ટ્રદ્રોહના આરોપસર ધરપકડ કરવામાં આવી.

કેસની સુનાવણી માટે પટિયાલા કોર્ટમાં પહોચેલ જેએનયુના વિદ્યાર્થીઓએ સ્વપ્ને પણ વિચાર્યું નહીં હોય કે તેમને કોર્ટ રુમમાં કાળા કોટમાં સજ્જ બદમાશોના હાથે માર ખાવાનો વારો આવશે.હા, એજ કોર્ટે કે ન્યાયપાલિકા કે જ્યાં ન્યાય આપવામાં આવે છે ત્યાં જેએનયુના વિદ્યાર્થીઓને વકીલો ઉપરાંત દિલ્હી બીજેપીના એમએલએ ઓ.પી.શર્મા એ વિદ્યાર્થીઓને માર માર્યો. વિદ્યાર્થીઓ સાથે પત્રકારોની પણ બરાબર ધોલાઇ કરવામાં આવી. વિદ્યાર્થીઓ ઉપરાંત પત્રકારોને પણ દેશદ્રોહી અને ગદ્દાર જેવા શબ્દોથી નવાજવામાં આવ્યા. પત્રકારો સમક્ષ પોતાની દેશભક્તિનો પરિચય કરાવતાં ઓ.પી.શર્મા ત્યાં સુધી કહી ગયા કે બંધુક હોત તો ગોળી પણ ધરબી દીધી હોત. રાષ્ટ્રપ્રેમ એ સ્વભાવિક અહસાસ છે.પોતાના ગામડાથી, શહેરથી, રાજયથી કે દેશથી પ્રેમ હોય અને હોવું જોઇએ.પરંતુ અહીં દેશનો માહોલ એવો બની ગયો કે જે વ્યક્તિ તમારી માનસિકતા કે વિચારસરણીથી વિપરિત મંતવ્ય ધરાવતો હોય તો તે દેશદ્રોહી છે.તેનો દેશ નિકાલ કરી દેવો જોઇએ. તેને પાકિસ્તાન મોકલી દેવા જોઇએ. તેને દેશમાં રહેવાનો કોઇ અધિકાર નથી તેવી સાવ પાયા વિહોણી અને નફરત અને દ્વેષથી ખદબદતી દલીલ આપવામાં આવે છે.

વર્તમાન સરકારથી સીધી કે આડકતરી રીતે સબંધ ધરાવતા સંગઠનો,સંસ્થાઓ અને કાર્યકરો દેશ પ્રેમ અને દેશદ્રોહનો પ્રમાણપત્ર લઇને ફરી રહ્યા છે.ગમે તે વિવાદ હોય કે ચર્ચાનો વિષય હોય તેમાં દરેક વ્યક્તિને પોતાના મંતવ્ય રજુ કરવાનો પુરો અધિકાર દેશના બંધારણે તેના નાગરિકોને આપ્યો છે.કાયદાને હાથમાં લેવાનો અધિકાર કોઇને પ્રાપ્ત થયો નથી. છતાં બીજેપી સરકારના આગમનથી દેશપ્રેમ ધરાવતા તમામ તત્વો ફોર્મમાં આવી ગયા છે.કોર્ટ પરિસરમાં વકિલો દ્વારા મારપીટની ઘટના દેશની લોકશાહી પર કાળા ડાઘ સમાન છે.આવી હરકત બાદ પશ્ચાતાપ થવો જોઇએ પરંતુ કોઇ પશ્ચાતાપના શબ્દો સંભળાયા નહી એ જ દ્વેષ અને નફરતથી ભરેલી વાણી સંભળાઇ રહી છે.આનાથી એક ડગલું આગળ વધીને મારપીટ કરવાના ઈરાદા સાથે નેતૃત્વ કરી રહેલા એક વકીલને સન્માનિત કરવામાં આવે છે.શું વાચીને વકીલ થયા હશે મને એ સમજાતું નથી ?કાયદાને નહીં જાણતી વ્યક્તિ જો ગુનો કરે તો વાત સમજી શકાય છે પણ વકીલો તો કાયદો જાણે છે.તેઓ કાયદા વાંચીને જ વકીલ બને છે.તેમના દ્વારા આવી મારપીટ અને તે પણ કોર્ટ પરિસરમાં, દેશ ક્યાં જઇ રહ્યો છે અને આવી માનસિકતા ક્યાં જઇ અટકશે તે ખ્યાલ મેળવવો અત્યંત મુશ્કેલ છે.

જે વીડીયોને આધાર બનાવીને કનૈયાકુમારની ધરપકડ કરવામાં આવી તે વીડીયો પોતે હમણાં તપાસનો વિષય છે.વીડીયોમાં દર્શાવવામાં આવતા લોકો કે જેઓ પાકિસ્તાન જીંદાબાદના નારાઓ લગાવી રહ્યા છે તેઓ શકમંદો છે. એક વીડીયો સોશ્યલ મીડીયા પર વાઇરલ થયો છે જેમાં ફોટોશોપ એડીટીંગ થઇ હોય તેવું દેખાઇ રહ્યું છે.અને નારાઓ પોકારનારા એબીવીપીના કાર્યકર્તાઓ હોય તેવું કથિત રીતે દેખાઇ રહ્યું છે.આ સમગ્ર જેએનયુ પ્રકરણાં આરોપ પ્રત્યારોપ થઇ રહ્યા છે.પરંતુ કોઇ નિર્ષ્કર્ષ પર પહોચતા પહેલાં કોર્ટને તેનું કામ કરવા દેવાનો સમય આપવો જોઇએ. કોઇ વ્યક્તિ ગમેતે આરોપસર પકડાય જ્યાં સુધી તેના પર લાગેલા આરોપો સાચા પુરવાર ન થઇ જાય ત્યાં સુધી તેને ગુનેગાર ગણી શકાય નહીં. પરંતુ દેશની પરિસ્થિતિ એવી થઇ ગઇ છે કે કોઇપણ સાબિતિ અને પુરાવા સિવાય સીધો દેશપ્રેમનો ફતવો જારી કરી દેવામાં આવે છે.અને સજા પણ ફટકારી દેવામાં આવે છે. કાયદા અને વ્યવસ્થા નામની કોઇ સંસ્થા આપણા દેશમાં કાર્યરત છે કે નહીં તે પણ વિચારવાનો પ્રશ્ન છે. કોર્ટ રુમમાં પોલીસ મુકબધીર બનીને જોઇ રહી અને જાણે વકીલોને છુટો દોર આપવામાં આવ્યો હોય તે રીતે પોલીસ કઇ પણ એકશન લીધો નહી. કદાચ પોલીસના મનમાં પણ એજ માનસિકતા વ્યાપી ગઇ હશે.

અફઝલની યાદમાં રેલી કાઢવી તે ક્યાં સુધી વ્યાજબી છે અને વાણી સ્વતંત્રતાની મર્યાદા ક્યાં સુધી છે તે બીજો પ્રશ્ન છે. તેની ચર્ચાનો અહીં અવકાશ નહીં. ચર્ચા એ બાબતની છે કે રાષ્ટ્રવાદ કે રાષ્ટ્રભક્તિ ક્યાં સુધી વ્યાજબી છે .કેટલાક લોકો રાજ્યોના વાડાઓમાં પ્રદેશવાદ સળગતું રાખે છે.સમાજમાં રહી જાતિવાદને પ્રોત્સાહન આપે છે.છતાં પ્રદેશવાદ અને જાતિવાદને લોકો ખોટું જ માને છે. કેમકે બંને દેશની એકતા અને બંધુતા માટે ઘાતક છે અને તેવધુ ઘાતક અને ખતરનાક ત્યારે સાબિત થાય છે કે જ્યારે દેશની અંદરજ કોઇ ખાસ સમાજ અને સંપ્રદાયના લોકોને જ કોઇપણ બુનિયાદ વગર રાષ્ટ્ર વિરોધી ગણાવવામાં આવે.રાષ્ટ્રવાદ જ્યારે રાષ્ટ્રપ્રેમથી આગળ વધી રાષ્ટ્રભક્તિ પર આવી જાય ત્યારે રાષ્ટ્રવાદનો ચહેરો વિકૃત બને છે. એ વિકૃત્તિ હઠીલાપણામાં તબદીલ થાય છે.અને લોકશાહીના પતનની શરુઆત થાય છે. ભુતકાળમાં બે વિશ્વયુદ્દો થઇ ગયા,જેના ગર્ભમાં નકરુ રાષ્ટ્રવાદ જ હતું.

આવા વિવાદોમાં કેન્દ્ર સરકારે નિષ્પક્ષ રહીને તપાસ કરાવવી જોઇએ અને ગુનેગારોને સજા ફટકારવી જોઇએ. પરંતુ પોણાં બે વર્ષમાં કેન્દ્ર સરકારે કાર્યો ઓછા અને વિવાદો વધારે ઉભા કર્યા છે.મનમોહનસિંહને મનમૌનસિંહ કહી વારંવાર ઠેકડી ઉડાડતા વર્તમાન પ્રધાનમંત્રી મોદી હવે મૌન થઇ ગયા છે.આમ મનમોહનસિંહ તો ઓછા બોલા જ હતા,પરંતુ મોદી તો બહુ બોલનારા હતા તેમને શું થયું ? મૌન રાખીને પ્રધાનમંત્રી જાણે કે દેશદ્રોહીનું પ્રમાણપત્ર વહેચતા લોકોને છુપો ટેકો આપી રહ્યા હોય. આશ્ચર્ય એ વાતનું છે કે આર.એસ.એસનું ઈતિહાસ સાક્ષી છે કે સ્વાતંત્ર સંગ્રામમાં તેમનો ફાળો નહિવત હોવા છતાં દેશભક્તિના ગુણગાન તેઓ જ આલાપ્યા કરે છે.

દેશની ઉચ્ચ સ્તરીય શૈક્ષણિક સંસ્થાઓમાં ન્યાયિક ફેસલાઓ કરવામાં કેન્દ્ર સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે.ત્યારે લોકશાહીના ચોથા સ્તંભ એવા મીડીયાએ પોતાની જવાબદારી ઈમાનદારીથી અદા કરવાની હતી. પરંતુ મોટાભાગના મીડીયા સમુહો રાજકીય પક્ષોના હાથા બની તેમની માનસિકતાને પ્રોત્સાહન આપી રહ્યા છે.જટીલ અને અત્યંત મુશ્કેલ મુદ્દાઓ અને સમસ્યાઓને કેટલાક પ્રશ્નોમાં રુપાંતર કરીને હાં કે ના માં ઉત્તર હાંસલ કરી મીડીયા સમાચારોની હત્યા કરી રહી છે.મીડીયાએ પત્રકારત્વની ગરીમાને જાળવવું હોય તો દેશની તમામ સમસ્યાઓ પછી ભલે તે આર્થિક હોય,સામાજીક હોય,શૈક્ષણિક હોય કે રાજકીય હોય તેનું પૃથ્થકરણ ખુબજ નિષ્ઠા અને ઈમાનદારીથી થવું જોઈએ ત્યારે જ તેમની વિશ્વશનીયતા જળવાશે.

આખું જેએનયુ કેમ્પસ અંધાધુધીનો શિકાર છે. વિદ્યાર્થીઓ ભયભીત છે. આવા સમયે મીડીયા અને સરકારની ભુમિકા ખુબ મહત્વની બની જાય. જોવાનું રહ્યું કે ન્યાયની સ્થાપના માટે કોણ કેવી ભુમિકા ભજવે છે.

(સૌ.યુવાસાથી)

## જેએનયુમાં દેશવિરોધી સુત્રોચ્ચાર કરનારા બહારના વિદ્યાર્થીઓની ઓળખ થઇ

જવાહરલાલ નહેરુ યુની.માં દેશ વિરોધી સુત્રોચ્ચાર કરનારા સાચા ગુનેગારોની ઓળખ થઇ ગઇ છે.તપાસ સમિતિએ કેટલીક કેન્દ્રીય યુની.માં અભ્યાસ કરી રહેલા કાશ્મીરી વિદ્યાર્થીઓ અને કેટલાક પ્રોફેશનલ્સની ઓળખ કરી લીધી છે.આ લોકો જેએનયુમાં યોજાયેલ કાર્યક્રમ દરમિયાન દેશવિરોધી સુત્રોચ્ચાર કરતાં નજરે પડયા હતા.જેએનયુ દ્વારા આ મુદ્દે તપાસ માટે જે હાઇલેવલ સમિતિની રચના કરવામાં આવી હતી તેનો આંતરિક અહેવાલ ફરતો થયો છે.આતંકી અફઝલને ફાંસી આપવાના વિરોધમાં યોજાયેલ કાર્યક્રમમાં કેટલાક લોકો દેશવિરોધી સુત્રોચ્ચાર કરતાં નજરે પડ્યા હતા અને તેઓ બહારના લોકો હતા.

હવે અનેક સવાલો ઉપસ્થિત થાય છે.કે પોલીસે કોઇપણ જાતની વધુ તપાસ કર્યા વગર જ જે વિદ્યાર્થીઓ પર દેશદ્રોહનો કેસ માંડીને ધરપકડ કરી હતી તે ખોટી હતી.અને તેથી તેમને જેલમાં સબડવાનો વારો આવ્યો. આ બધુ કરવા પાછળ કોનો દોરી સંચાર હતો તે બહાર લાવવું પડે.જેએનયુમાં વિદ્યાર્થી સંગઠનોની તોડફોડમાં રાષ્ટ્રીય સ્તરે જે ગંદુ રાજકારણ રમાયું પોલીસ તેના હાથા બની તે સ્પષ્ટ દેખાઇ રહ્યું છે.હવે ન્યાયતંત્ર કેવો ન્યાય તોળે છે તેના પર ન્યાયતંત્રે હવે મુશ્કેલ કાર્ય કરવાનું રહેશે.બંધારણીય અધિકારો અને લોકશાહીને જેલમાં પુરવા કટિબધ્ધ લોકો સામે કોણ વામણુ પુરવાર થાય છે તે સમય બતાવશે.

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.